# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

અભ્યાસક્રમ : **Sp. B.Ed./ PGPD** નોંધણી નંબર :____________

પાઠ્યક્રમ : **SESH-02**

વિષય : શ્રવણક્ષતિ પામેલાનું કર્ણીય અને મૌલિક પુનર્વસન

તારીખ : **27/12/2017**

સમય : **03.00 to 06.00** કુલ ગુણ : **80**

---

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં જવાબ લખો. (10)**

1. કાનની નામનિર્દેશનવાળી સ્વચ્છ આકૃતિ દોરી, તેની રચના અને કર્યો જણાવો.
2. ઈયર મોલ્ડ શું છે ? ઈયર મોલ્ડ બનાવવાની પ્રક્રિયા જણાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 300 શબ્દોમાં જવાબ લખો. (10)**

1. શ્રવણ પ્રશિક્ષણ એટલે શું ? એક વિશિષ્ટ શિક્ષક તરીકે તમે શ્રવણમંદ બાળકોનું શ્રવણપ્રશિક્ષણ કેવીરીતે કરશો ?
2. શ્રવણ મંદ બાળકની વાણી માટે કયા-કયા માપદંડો ધ્યાનમાં રાખવા જોઈએ ?
3. કંડકટીવ શ્રવણમંદતા થવાનાં કારણોની ચર્ચા કરો.

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં જવાબ લખો. (10)**

1. એક વિશિષ્ટ શિક્ષક તરીકે તમે શ્રવણમંદ બાળકોની વાણીની આકારણી કેવી રીતે કરશો ?
2. પ્યોરટોન ઓડિયોમેટ્રીની પ્રક્રિયા જણાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 300 શબ્દોમાં જવાબ લખો. (10)**

1. ઉચ્ચારણના સ્થાનનાં આધારે વ્યંજનોનું વર્ગીકરણ કરો.
2. વાણીના કાર્યો જણાવો.
3. ઇન્ફ્રારેડ ધ્વનિવર્ધક સાધન વિશે જણાવો.

**પ્રશ્ન-3 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 300 શબ્દોમાં જવાબ આપો. (10)**

1. ઈમ્પીડન્સ ઓડિયોમેટ્રી શું છે? તેના ફાયદાઓ અને મર્યાદાઓ લખો.
2. શ્રવણમંદ બાળકો ઉચ્ચારણમાં કેવી ભૂલો કરે છે ?
3. ધ્વનિકરણની પ્રક્રિયા જણાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 150 શબ્દોમાં જવાબ લખો. (06)**

1. સારી વાણીના પાંચ લક્ષણો ચર્ચો.
2. સક્રિય ઉચ્ચારકો વિશે ટૂંકમાં લખો.
3. શ્રવણયંત્રની પસંદગી કેવી રીતે કરવી જોઈએ ?

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 150 શબ્દોમાં જવાબ લખો. (06)**

1. લિંગના વાણી વિકાસના સાત તબક્કાઓ લખો.
2. અવિધિસરનાં શ્રવણ પરીક્ષણોનાં ફાયદાઓ અને મર્યાદાઓ લખો.
3. કોક્લિઅર ઈમ્પ્લાન્ટમાં સમાયેલા જોખમોના પાસાઓ જણાવો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં જવાબ લખો. (06)**

1. બ્રોકા વિસ્તાર માનવ મગજમાં કયા સ્થાને આવેલાં છે ?
2. સ્ટેપીસનું વજન કેટલા ગ્રામ છે ?
3. BERAનું પૂરું નામ જણાવો.

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 150 શબ્દોમાં જવાબ લખો. (06)**

1. વર્ગમાં અને તેની આજુબાજુનો ઘોંઘાટ ઓછો કરવા કેવાં પગલા લેવા જોઈએ ?
2. શ્રવણમંદ બાળકોની વાણી વિકાસ માટે વાણીને કેવું માર્ગદર્શન આપવું જોઈએ ?
3. સ્વરોનું વર્ગીકરણ કરો.

**(બ) ખાલીજગ્યા પૂરો. (06)**

1. માનવીનો કાન _________ $H_z$ થી ________ $H_z$ સુધીનાં આવજના પુનરાવર્તનનો સાંભળી શકે છે.
2. ઉચ્ચારણ પ્રક્રિયાના આધારે |u| એ _________ ધ્વની છે.
3. ___________ શ્રવણમંદતામાં એસી અને બીસી વચ્ચેનો તફાવત 10 dB અથવા તેથી પણ ઓછો હોય છે.
4. ITEનું પૂરું નામ _____________ છે.
5. શ્રવણનાલીકાનું માપ __________ થી ____________ એમએમ લંબાઈ સુધીનું હોય છે.
6. નીચલું જડબું એ ___________ ઉચ્ચારણ અંગ છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

અભ્યાસક્રમ : **Sp. B.Ed./PGPD** નોંધણી નંબર :____________

પાઠ્યક્રમ : **SESM-01**

વિષય : **માનસિક વિકલાંગ વ્યક્તિઓની ઓળખ અને આકારણી**

તારીખ : **29/12/2017**

સમય : **11.00 to 02.00** કુલ ગુણ : **80**

---

**પ્રશ્ન-1 (અ)** નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)

1. માનસિક મંદતા બાળકોની આકરણી માટેના મહત્વના સાધનો વર્ણવી BASIC-MR વિશે વિગતવાર સમજાવો.
2. માનસિક મંદતાની વ્યાખ્યા આપી શૈક્ષણિક રીતે તેનું વર્ગીકરણ કરી તેની વિશેષતાઓ જણાવો.

**(બ)** નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનાં જવાબ 300 શબ્દોમાં આપો. (10)

1. નેશનલ ટ્રસ્ટ 1999 વિશે ટૂંકનોંધ લખો.
2. RCI ACT 1992 વિશે ટૂંકનોંધ લખો.
3. મનોવૈજ્ઞાનિક રીતે માનસિકમંદતાનું વર્ગીકરણ ટૂંકમાં વર્ણવો.

**પ્રશ્ન-2 (અ)** નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)

1. માનસિક મંદતા થવાના જન્મ થયા પછીના કારણો વિગતવાર લખો.
2. માનસિકમંદ બાળકોના પુનર્વાસમાં માતા-પિતાનું યોગદાન વિશે વિગતવાર ચર્ચા કરો.

**(બ)** નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનાં જવાબ 300 શબ્દમાં આપો. (10)

1. પ્રિવેન્શન એટલે શું ? તેના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.
2. મૂલ્યાંકન વિશે ટૂંકનોંધ લખો
3. બુદ્ધિ પરિક્ષણની રીતો પર ટૂંકનોંધ લખો.

**પ્રશ્ન-3 (અ)** નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનો જવાબ આશરે 300 શબ્દમાં આપો. (10)

1. માનસિક મંદતા ધરાવતી વ્યક્તિઓની લાક્ષણિક્તાઓ વર્ણવો
2. આકરણીના પ્રકારો અને હેતુઓ સમજાવો.
3. સલાહ આપવાના હેતુઓ જણાવી સારા સલાહકારમાં ક્યા-ક્યા ગુણો હોવા જોઈએ તે લખો.

**(બ)** નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ 150 શબ્દોમાં આપો. (06)

1. ઉપનયનને સંક્ષિપ્તમાં લખો.
2. IQ એટલે શું ? ટૂંકમાં વર્ણવો.
3. સ્ક્રીનીંગ શું છે જણાવો.

પ્રશ્ન-4 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 150 શબ્દોમાં જવાબ લખો. (06)

1. **માનસિક વિકલાંગતાની કુટુંબ પર અસર જણાવો.**
2. PWD ACT **1995ના હેતુઓ જણાવો**
3. **માનસિકમંદતા અને માનસિક રોગનો તફાવત જણાવો**

(બ) નીચે આપેલા પ્રશ્નોનો એક કે બે વાક્યમાં જવાબ આપો. (06)

1. **માનસિકમંદતા થવાના જન્મ પહેલાના મુખ્ય કારણો જણાવો.**
2. **મદ્રાસ ડેવોલોપમેન્ટલ પ્રોગ્રામીંગ સિસ્ટમ** (MDPS)**ની બે મર્યાદાઓ જણાવો.**
3. **અસર એટલે શું** ? **સૂત્ર જણાવો.**

પ્રશ્ન-5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 150 શબ્દોમાં જવાબ લખો. (06)

1. **સ્પે. એજ્યુકેટર તરીકે તમે માનસિક મદંતાવાળા બાળકના માતા-પિતાને શું સલાહ-સૂચન આપશો.**
2. **ગુજરાત સરકાર દ્વારા માનસિકમદંતાવાળા બાળકોને મળતા ફાયદા જણાવો.**
3. **અભ્યાસક્રમ આધારિત આકરણી જણાવો.**

(બ) નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (06)

1. PWD, ACT 1995**માં** ______________ **કેટેગરીની વિકલાંગતાનો સમાવેશ કરેલ છે.**
2. **નેશનલ ટ્રસ્ટની મુખ્ય ઓફિસ સિંકદરાબાદમાં છે. (ખરું કે ખોટું)**
3. **પ્રોફાઉન્ડ બાળકોનો** IQ ______________ **હોય છે.**
   (20 **થી વધારે**, 20**થી ઓછો**, 0-25)
4. FACP**નું પૂરૂં નામ જણાવો.**
5. ADHD**નું પૂરૂં નામ જણાવો.**
6. PKU**માનસિક મંદતા માટે ઉપચારાત્મક કારણ છે. (ખરું કે ખોટું)**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

| | | |
|---|---|---|
| અભ્યાસક્રમ | : **Sp. B.Ed./ PGPD** | નોંધણી નંબર :____________ |
| પાઠ્યક્રમ | : **SESM-02** | |
| વિષય | : મંદબુદ્ધિતા: તેનાં બહુવિદ્યાકીય પાસાં | |
| તારીખ | : **27/12/2017** | |
| સમય | : **03.00 to 06.00** | કુલ ગુણ : **80** |

---

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં લખો. (10)**

1. મગજના પક્ષાઘાતને કેવી રીતે વર્ગીકૃત કરશો. ઉદાહરણ સહિત વિસ્તારપૂર્વક ચર્ચા કરો.
2. વિકાસના સિદ્ધાંતોની વિસ્તારથી ચર્ચા કરો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનાં જવાબ આશરે 300 શબ્દોમાં લખો. (10)**

1. આંચકીનો અર્થ સમજાવી તેનાં વિવિધ પ્રકારોની ચર્ચા કરો.
2. જ્ઞાનાત્મક વિકાસના તબક્કા સમજાવો.
3. વિવિધ પ્રકારના પ્રોત્સાહકોની ઉદાહરણ સહિત ચર્ચા કરો.

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં લખો. (10)**

1. અંત:સ્ત્રાવી ગ્રંથિઓની વિસ્તારથી સમજ આપો તથા અંત:સ્ત્રાવી ગ્રંથિઓની અસરો ચર્ચો.
2. સમસ્યારૂપ વર્તનોની યાદી આપી માનસિક વિકલાંગ બાળકમાં સમસ્યારૂપ વર્તનને ઓળખવાના વિવિધ પગથિયાની ચર્ચા કરો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 300 શબ્દોમાં લખો. (10)**

1. મલ્ટીડીસીપ્લીનરી ટીમની રચના સમજાવી તેના ફાયદા-ગેરફાયદા જણાવો.
2. વાતચીતને વેગ મળે તેવી ક્રિયાઓની વિસ્તારથી ચર્ચા કરો.
3. રમત વિકાસ સમજાવી માનસિક વિકલાંગ બાળકમાં રમત વિકાસ વધારવા એક વિશિષ્ટ શિક્ષક તરીકે તમે કેવા પગલાં ભરશો? સમજાવો.

**પ્રશ્ન-3 (અ) નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 300 શબ્દોમાં લખો. (10)**

1. મજ્જાતંત્ર (કેન્દ્રીય ચેતાતંત્ર)ના કાર્યો વિસ્તારથી સમજાવો.
2. શાસ્ત્રીય અભિસંધાન સિદ્ધાંત (પ્રયોગ સહિત) વર્ણન કરો.
3. મગજની રચના અને તેના વિવિધ ભાગોના કાર્ય સમજાવો.

**(બ) નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 150 શબ્દોમાં લખો. (06)**

1. વંશાવલી ચાર્ટમાં ઉપયોગમાં લેવાતા વિવિધ પ્રતિકોની સમજણ આપો.
2. રંગસૂત્રોની રચના સમજાવો. તેની વિવિધ ખામીઓ ચર્ચો.
3. વર્તન સુધારણા કાર્યક્રમમાં એબીસી (ABC) સમજાવો.

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 150 શબ્દોમાં લખો. (06)**

1. ક્રિયાત્મક અભિસંધાન
2. એસીમેટ્રીક ટોનિક રિફલેક્સ
3. વિકાસના બે નિયમો સમજાવો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોનો એક કે બે વાક્યમાં જવાબ આપો. (06)**

1. ચેતાતંત્ર એટલે શું ?
2. બુદ્ધિની વ્યાખ્યા જણાવો.
3. વૃદ્ધિ અને વિકાસની વ્યાખ્યા લખો.

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. કોઈપણ એક બુદ્ધિ કસોટી કે જે માનસિક વિકલાંગ બાળકો માટે ઉપયોગમાં લેવાતી હોય તેને સમજાવો.
2. સમસ્યારૂપ વર્તન અને અપેક્ષિત વર્તન સમજાવો.
3. માનસિક વિકલાંગ બાળકને આંચકી દરમ્યાન પ્રાથમિક સારવાર શું આપશો? લખો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (06)**

1. માનવશરીર લગભગ __________ અબજ કોષોનું બનેલું છે.
2. ટ્રાંસલોકેશન એટલે શું?
3. સેરબ્રોસ્પાઈનલ પ્રવાહીમાં અસાધારણ વધારો _________ કહેવાય છે.
4. ABSનું પૂરું નામ ___________ છે.
5. સ્વૈચ્છિક સ્નાયવિક હલનચલનો ____________નું કાર્ય છે.
6. હાયપોગ્લેસેમીઆ એટલે શું?

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

| | | |
|---|---|---|
| અભ્યાસક્રમ | : **Sp. B.Ed./ PGPD** | નોંધણી નંબર :____________ |
| પાઠ્યક્રમ | : **SESM-03** | |
| વિષય | : અભ્યાસક્રમ અને શિક્ષણકાર્યની વ્યૂહરચનાઓ | |
| તારીખ | : **28/12/2017** | |
| સમય | : **03.00 to 06.00** | કુલ ગુણ : **80** |

---

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)**

1. કમ્પ્યુટર સહાય શિક્ષણના ફાયદાની યાદી બનાવો.
2. માનસિક ક્ષતિવાળા બાળકો અભિવ્યક્ત કરી શકે તેવા કોઈ બે આસનો વર્ણવો.
3. માનસિક ક્ષતિવાળા વ્યક્તિના સીટને કેવી રીતે અસર કરી શકે વર્ણવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનાં જવાબ 300 શબ્દોમાં આપો. (10)**

1. કૌશલ્ય વિશ્લેષણ શું છે? મહત્વનું વર્ણન કરો.
2. શૈક્ષણિક પ્રોદ્યોગિકી એટલે શું ? શૈક્ષણિક પ્રોદ્યોગિકીના ઉપયોગો કયા કયા છે ?
3. પૂર્વ વ્યવસાયિક ગાળા દરમ્યાન કયા ક્ષેત્રોમાં વધુભાર મુકવો જોઈએ અને માનસિક અક્ષમતાવાળા બાળકોમાં કૌશલ્યો કેવી રીતે વિકસાવી શકાય?

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)**

1. પ્રાથમિક જૂથના બાળકો માટે અભ્યાસક્રમ રૂપરેખા વર્ણવો.
2. માનસિક ક્ષતિવાળા બાળકો માટે સમાન તક પૂરી પાડવામાં વિશિષ્ટ ઓલમ્પિક મદદરૂપ બને છે તેવું માનો છો ? સમજાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનો જવાબ 300 શબ્દોમાં આપો. (10)**

1. ગંભીર માનસિક અક્ષમતા અને બહુવિધ અપંગતા ધરાવતા બાળકો માટે ઉપલબ્ધ સાદા સાધનો અંગેની માહિતી એકત્ર કરો અને ઉદાહરણ સાથે રજૂ કરો.
2. સમિલિત શિક્ષણ ઉપર તમારા વિચારો જણાવો.
3. ગુજરાત રાજ્યમાં માનસિક ક્ષતિવાળા વ્યક્તિઓને અપાતાં લાભો અને છૂટછાટો જણાવો.

**પ્રશ્ન-3 (અ) નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. વિશિષ્ટ શાળા સ્થાપવા માટે કેવી તૈયારી કરશો?
2. મંદબુદ્ધિ બાળકને ભણાવવા માટેના સિદ્ધાંતો કયા છે ? ચર્ચા કરો.
3. ગૃહ આધારિત અને કેન્દ્ર આધારિત બંને અભિગમ માટે પૂર્વ પ્રક્ષેપ કાર્યક્રમને આયોજિત કરવાના પગથિયાં/સોપાનો લખો.

**(બ) નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ 150 શબ્દોમાં આપો. (06)**

1. કાર્ય ઉપયોગી શિક્ષણ એટલે શું ?
2. માધ્યમિક કક્ષાના માનસિક રીતે અક્ષમ બાળકો માટે સામાજિક કૌશલ્યોનું મહત્વ સમજાવો.
3. માનસિક ક્ષતિ ધરાવતા વ્યક્તિના વાલીના મહત્વના અધિકારો કયા છે?

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 150 શબ્દોમાં જવાબ લખો. (06)**

1. સંયુક્તીકરણમાં સરકારી અને બિનસરકારી સંગઠનો દ્વારા ચલાવતા બે કાર્યક્રમોના નામ આપો.
2. પ્રોત્સાહનની વ્યાખ્યા અને વર્ણન કરો.
3. વિશિષ્ટ શાળામાં નોંધપત્રકોની સંભાળની યાદી બનાવો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોનો એક એક વાક્યમાં જવાબ આપો. (06)**

1. માનસિકક્ષતિવાળા બાળકો અભિવ્યક્ત કરી શકે તેવા કોઈ બે આસનોનાં નામ લખો.
2. દુનિયામાં દરેક વર્ષ વિકલાંગ વ્યક્તિઓનો અંતરાષ્ટ્રીય દિવસ ક્યારે ઊજવે છે?

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 150 શબ્દોમાં જવાબ લખો. (06)**

1. માનસિકક્ષતિવાળા બાળકને યોગ કેવી રીતે મદદરૂપ બને.
2. ડી.પી.ટી.ના ૭ ચરણો લખો.
3. શેપિન્ગ અને ચેનીંગનો ઉપયોગ જણાવો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (06)**

1. બધા જ બાળકો સર્જનાત્મક પ્રવૃત્તિ કરી શકે (ખરૂં/ખોટું)
2. ફક્ત ઘર પ્રશિક્ષક (મુલાકાતી) પૂર્વ પ્રક્ષેપ કાર્યક્રમ આપે છે. (ખરૂં/ખોટું)
3. બહુવિધ અપંગતામાં સમાવિષ્ટ થાય છે :
   (અ) માનસિક અક્ષમતા + દૃષ્ટિયોની ક્ષતિ
   (બ) શ્રવણ અક્ષમતા + દૃષ્ટિ અંગેની ક્ષતિ
   (ક) માનસિક અક્ષમતા + હલન ચલન અપંગતા
   (ડ) ઉપરના બધા જ
4. પૂર્વ પ્રક્ષેપ કાર્યક્રમ દરેક વયજૂથ માટે છે. (ખરૂં/ખોટું)
5. પૂર્વ શાળા કાર્યક્રમ (પૂર્વ શાળા તત્પરતા કાર્યક્રમ) દ્વારા પૂર્વ પ્રક્ષેપ કાર્યક્રમનું સાતત્ય જાળવી શકાય છે. (ખરૂં/ખોટું)
6. માનસિક મંદતા દિવસ ૪ ડીસેમ્બરએ ઉજવાય છે. (ખરૂં/ખોટું)

---

# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination December - 2017

**Course** : **Bachelor of Education** **Roll No.: _______________**
**Subject Code : SECM-01**
**Subject : Teaching of English**
**Date : 30/12/2017**
**Time : 11.00 to 02.00** **Total Marks : 80**

---

**Q. 1 (A) Answer any one from the following questions in about 500 words. 10**

1. Describe the specifications of Comprehension Objectives.
2. Describe the IPA symbols with examples.

**(B) Answer any one from the following questions in about 300 words. 10**

1. Discuss the Nature of Vocabulary.
2. Discuss Grammar and Translation Method.
3. Discuss with example of Conversation beginning.

**Q. 2 (A) Answer any one from the following questions in about 500 words. 10**

1. Describe the Elements of Good Writing.
2. Describe Adverbials.

**(B) Answer any two from the following questions in about 300 words. 10**

1. Discuss the advantage and disadvantage of structural approach.
2. Discuss the meaning and purpose of language with special reference to English.
3. What is direct method? How is useful in the learning of a second Language.

**Q. 3 (A) Answer any two from the following questions in about 300 words. 10**

1. Describe about reference note for Language teachers.
2. Describe the basic sentence patterns with example.
3. Discuss the difference between denotative and connotative meanings.

**(B) Answer any two from the following questions in about 150 words. 06**

1. Describe Types of Reading.
2. Describe Spellings.
3. What is Transformations? Discuss with example.

**Q. 4 (A) Answer any two from the following questions in about 150 words. 06**

1. Discuss communicative Skills and their significance.
2. Prepare conversations on any three life situation that you have to usually comes across.

3. Describe the telephonic conversation with example.

**(B) Answer the following questions in one or two sentences each.** **06**

1. Write any two objectives of teaching English.

2. What is the level of planning?

3. Give name of the any three resource materials of communication.

**Q. 5** **(A) Answer any one from the following questions in about 150 words.** **06**

1. Discuss the composition of letters.

2. Discuss of Grammatical patterns, structure and syntax in Literature.

3. Develop a poem on education.

**(B) Answer the following questions as directed.** **06**

1. ________ and ________ can not be separated from each other

2. There are two types of word ________ and ________

3. ________ and ________ are two kinds of suffixes in English

4. “Homonyms are plentiful, synonyms rare” called Steven Pinker. True/False

5. Relative clauses functions as adjectives in noun phrase. True/False

6. CLT means Communicative Language Teaching. True/False

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

| | | |
|---|---|---|
| અભ્યાસક્રમ | : **Sp. B.Ed.** | નોંધણી નંબર :____________ |
| પાઠ્યક્રમ | : **SECM-03** | |
| વિષય | : ગુજરાતીનું શિક્ષણકાર્ય | |
| તારીખ | : **30/12/2017** | |
| સમય | : **11.00 to 02.00** | કુલ ગુણ : **80** |

---

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો.** **(10)**

1. શિક્ષણમાં માતૃભાષાનું સ્થાન અને મહત્વ સમજાવો.
2. શ્રવણ કૌશલ્યની સંકલ્પના અને તેના ઘટકોની ચર્ચા કરો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 300 શબ્દોમાં આપો.** **(10)**

1. માન્યભાષા અને બોલીઓ વચ્ચે શું તફાવત છે તે જણાવો.
2. જ્ઞાનાત્મક હેતુઓના ઘટકો જણાવો.
3. આયોજનનું મહત્વ સમજાવી આયોજનની પૂર્વશરતો જણાવો.

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં જવાબ આપો.** **(10)**

1. માધ્યમિક શાળા કક્ષાએ માતૃભાષા શિક્ષણની સ્થિતિ અને તેની ઉપેક્ષાના કારણો તથા ઉપાયોની ચર્ચા કરો.
2. ભાષા ઉચ્ચારણ દોષોનું નિદાન કરી તેના નિવારણ માટેની કઈ કઈ પ્રવૃત્તિઓ છે ? તે જણાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બેના આશરે 300 શબ્દોમાં ઉત્તર આપો.** **(10)**

1. વાંચન કૌશલ્યનું મહત્વ સમજાવો.
2. તાસ આયોજન અને એકમ આયોજન વચ્ચેનો તફાવત જણાવો.
3. લેખન કૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ જણાવો.

**પ્રશ્ન-3 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બેના જવાબ આશરે 300 શબ્દોમાં આપો.** **(10)**

1. હેતુઓને ધ્યાનમાં રાખી શિક્ષણ પદ્ધતિનું વર્ગીકરણ કરી તેની યાદી તૈયાર કરો.
2. આગમન-નિગમન પદ્ધતિ વિશે માહિતી આપો.
3. શૈક્ષણિક પ્રક્રિયામાં શૈક્ષણિક સાધનોનું સ્થાન અને મહત્વ જણાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પૈકી બેના આશરે 150 શબ્દોમાં જવાબ આપો.** **(06)**

1. નાટયીકરણ પદ્ધતિ અંગે માહિતી આપો.
2. આદર્શ પાઠ્યપુસ્તકના લક્ષણો જણાવો.
3. શિક્ષક-નિદર્શિનીનો અર્થ, મહત્વ અને ઉપયોગ જણાવો.

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી બેના જવાબ આપો.** **(06)**

1. ગદ્ય શિક્ષણમાં ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.
2. ગદ્ય-પદ્ય વચ્ચેનો તફાવત સમજાવો.
3. કાવ્ય શિક્ષણની વ્યાખ્યા, હેતુઓ અને મહત્વ જણાવો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોનો જવાબ એક વાક્યમાં આપો.** **(06)**

1. પ્રોજેક્ટ પદ્ધતિની એક વ્યાખ્યા જણાવો.
2. 'કવિતાને વાંચવાની કળા' – કોને કહી છે?
3. વ્યાકરણ શિક્ષણ પ્રત્યે નીરસતાનું એક કારણ જણાવો.

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી બેના 150 શબ્દોમાં ઉત્તર આપો.** **(06)**

1. કસોટીના પ્રકારો જણાવી તેનું વર્ગીકરણ કરો.
2. નિબંધ પ્રકારના પ્રશ્નો રચતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં લેશો?
3. મૌખિક કસોટીની મર્યાદાઓ જણાવો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** **(06)**

1. શૈક્ષણિક ક્ષેત્ર નથી.
   **(a)** જ્ઞાનાત્મક ક્ષેત્ર **(b)** ભાવાત્મક ક્ષેત્ર
   **(c)** મનોક્રિયાત્મક ક્ષેત્ર **(d)** રચનાત્મક ક્ષેત્ર
2. માધ્યમિક શાળામાં ભાષાશિક્ષણના આયોજનનો વાર્ષિક સમયગાળો કયો છે?
   **(a)** 180 તાસ **(b)** 120 તાસ **(c)** 150 તાસ **(d)** 200 તાસ
3. એકમ આયોજનના આયોજન માટે કેટલા તાસની જરૂર પડે છે?
   **(a)** 2 થી 4 **(b)** 3 થી 5 **(c)** 6 થી 10 **(d)** 4 થી 8
4. શ્રવણ એટલે શું?
   **(a)** સાંભળવું + અર્થગ્રહણ **(b)** બોલવું + સાંભળવું
   **(c)** લખવું + બોલવું **(d)** અર્થગ્રહણ + બોલવું
5. દ્રઢીકરણ પ્રશ્નો એટલે શું?
   **(a)** પૂર્વજ્ઞાનના આધારે વિષયાભિમુખ કરવાતા પ્રશ્નો
   **(b)** વિષયવસ્તુનું પુનરાવર્તન કરાવતા પ્રશ્નો
   **(c)** મળેલા જ્ઞાનની ચકાસણી હેતુ-સિદ્ધિના પ્રશ્નો
   **(d)** સ્વ-અધ્યયન માટેના પ્રશ્નો
6. શ્રાવ્ય સાધનમાં સમાવેશ થતો નથી.
   **(a)** ગ્રામોફોન **(b)** રેડિયો **(c)** મેગાફોન **(d)** કમ્પ્યુટર

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

અભ્યાસક્રમ : **Sp. B.Ed.** **નોંધણી નંબર :**__________

પાઠ્યક્રમ : **SECM-04**

વિષય : **વિજ્ઞાનનું શિક્ષણકાર્ય**

તારીખ : **29/12/2017**

સમય : **03 : 00 to 06 : 00** **કુલ ગુણ : 80**

---

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)**

1. વિજ્ઞાન એટલે શું ? તેના જુદા જુદા તથ્યો જણાવો ?
2. વિજ્ઞાનના અધ્યાપન - અધ્યયનના અભિગમો ચર્ચો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. વિજ્ઞાનિક જ્ઞાનના ગુણધર્મો કયા ક્યા છે ? વિસ્તૃત ચર્ચા કરો.
2. વિજ્ઞાન શિક્ષણના હેતુઓની ચર્ચા કરો.
3. પરમાણુના કેટલાક ગુણધર્મોની આગાહી કેવી રીતે કરવી તે જણાવો.

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલ બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો (10)**

1. પરમાણુ એટલે શું ? પરમાણુ રચનાનું રૂથરફોર્ડનું મોડલ આકૃતિસહ વર્ણવો.
2. રાસાયણિક સૂત્ર એટલે શું ? રાસાયણિક સૂત્ર દ્વારા કઈ કઈ માહિતી પ્રાપ્ત થાય છે.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. ધાતુ અને અધાતુઓની લાક્ષણિકતાઓ જણાવો.
2. મિશ્રધાતુઓ જણાવી તેના ગુણધર્મોની ચર્ચા કરો.
3. ફ્લેક્સીબીલીટીનો સિધ્ધાંત સમજાવો.

**પ્રશ્ન-3 (અ) નીચે આપેલ ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો (10)**

1. જીવવિજ્ઞાનનો અર્થ જણાવી તેના અવકાશની વિગતવાર છણાવટ કરો.
2. અનુકૂલન કેવી રીતે વિકસે છે તેની ચર્ચા કરો.
3. કોષનું બંધારણ અને તેનું કાર્ય જણાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. અર્ધીકરણ અને સમવિભાજનનો તફાવત સમજાવો.
2. નિવસનતંત્રમાં શક્તિનું વહન કઈ રીતે થાય છે તેની ચર્ચા કરો.
3. પર્યાવરણના પરિબળોની ચર્ચા કરો,

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલ ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો** **(06)**

**1.** પશુપાલનની મુખ્ય જરૂરીયાતોની ચર્ચા કરો.

**2.** કુદરતી સંપતિના વિનાશની અસરો જણાવો.

**3.** રોગના પ્રકારો જણાવો

**પ્રશ્ન-4 (બ) નીચે આપેલ પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **(06)**

**1.** શારીરિક અને જીવવિજ્ઞાનના શિક્ષણ માટે એક સાધન તરીકે શું ઉપયોગમાં આવે છે તેની ટૂંકમાં ચર્ચા કરો.

**2.** ગ્રેડ નક્કિ કરવાની પધ્ધતિઓનું ટૂંકમાં વર્ણન કરો.

**3.** મેન્ડલીફનો આવર્તનો નિયમ જણાવી તેનું આવર્ત કોષ્ટક કેટલા તત્વો ધરાવે છે ?

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો.** **(06)**

**1.** આલ્કોહોલના રાસાયણિક ગુણધર્મો જણાવો.

**2.** તફાવત આપો. સફેદ ફોસ્ફરસ અને લાલ ફોસ્ફરસ

**3.** એપ અને માનવ વચ્ચેનો ભેદ સમજાવો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. (બધાજ પ્રશ્નો કરજિયાત છે.** **(06)**

1. NCERT નું પૂર્ણ નામ ___________ છે.
2. એલ્યુમિનિયમનો પરમાણું ક્રમાંક ___________છે .
3. મિથાઈલ આલ્કોહોલનું સૂત્ર ______________ છે.
4. _______ ક્રિયા વખતે હૃદયના ધબકારા સૌથી વધુ હોય છે.
   (A) ચાલતી વખતે (B) ઊંઘતી વખતે (C) દોડતી વખતે (D) વાંચતી વખતે
5. બેરીબેરી રોગ __________ ની ઉણપથી થતો રોગ છે.
6. એમોનિયા __________ના લીધે થતો રોગ છે.

--------------

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

અભ્યાસક્રમ : **Sp. B.Ed.** નોંધણી નંબર :____________

પાઠ્યક્રમ : **SECM-05**

વિષય : ગણિતનું શિક્ષણકાર્ય

તારીખ : **29/12/2017**

સમય : **03.00 to 06.00** કુલ ગુણ : **80**

---

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં લખો. (10)**

1. ગણિત શીખવવાની આગમન-નિગમન પદ્ધતિ ઉદાહરણ સહીત સમજાવો.
2. ગણિતની લાક્ષણિકતાઓ જણાવી, રોજિંદા જીવનમાં ગણિતની ઉપયોગીતાની ચર્ચા કરો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. ગણિત શિક્ષણમાં પ્રયોગશાળા પદ્ધતિ સમજાવો.
2. ગણિત શિક્ષણમાં ગૃહકાર્ય અને સ્વાધ્યાય વચ્ચેનો તફાવત ઉદાહરણ સહ સમજાવો.
3. હેતુલક્ષી પ્રકારની કસોટીના પ્રકાર જણાવો અને બંને પ્રકારની કસોટીના એક-એક ઉદાહરણ આપો.

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નોના જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)**

1. (અ) 7000 રૂપિયાનું વાર્ષિક 6%ના દરે 2 વર્ષ માટે ચક્રવૃદ્ધિ વ્યાજ શોધો.

   (બ) નાણાનો સરવાળો 20 વર્ષોમાં બમણો થઇ જાય છે, તો કેટલા વર્ષોમાં તે ત્રણ ગણો થઇ જશે ?
2. (અ) નીચેના કોષ્ટકમાં વિદ્યાર્થીઓના ગણિતની કસોટીમાં મેળવેલ ગુણ દર્શાવવામાં આવ્યા છે તેમનો મધ્યક શોધો.

| વર્ગ લંબાઈ (ગુણ) | 0-10 | 10-20 | 20-30 | 30-40 | 40-50 | 50-60 |
|---|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓની સંખ્યા (આવૃત્તિ) | 03 | 05 | 15 | 20 | 03 | 04 |

   (બ) નીચેની માહિતીનો બહુલક શોધો.

   5, 5, 8, 10, 12, 12, 12, 13, 13, 14, 15, 21

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. મહેશભાઈ 6500 રૂપિયાનું રોકાણ 115 કિંમત ધરાવતા શેરોમાં કરે છે અને જયારે ભાવ 125 થાય છે ત્યારે વેચી દે છે તો મહેશભાઈને કુલ નફો કેટલો થશે ? આ નફાના ટકા શોધો.
2. એક વેપારી બે સળંગ વળતર 20% અને 15% ઓફર કરે છે, જયારે બીજો વેપારી એક જ 35% નું વળતર ઓફર કરે છે ગ્રાહક માટે બંનેમાંથી કઈ ઓફર વધુ સારી રહેશે ?
3. મુકેશભાઈ સરેરાશ કિંમત 100 રૂપિયા ધરાવતા એક કંપનીના શેરોમાં 5477 રૂપિયા રોકાણ કરે છે. વર્ષના અંતે કંપની 15% ડિવિડન્ડ જાહેર કરે છે જે મુકેશભાઈને 700 રૂપિયાની આવક કરાવી આપે છે. જો દલાલીના 2% હોઈ તો કઈ કિંમતે શેર ફાળવણી હશે ?

**પ્રશ્ન-3 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. નીચે દર્શાવેલા ગણોને યાદીની રીતે લખો.

   (a) $\{\frac{x}{x^2} = \mathbf{16}\}$ (b) $\{\frac{x}{x-5} = \mathbf{15}\}$ (c) $\{\frac{x}{x}$ એ 12 નો અવયવ છે$\}$

   (d) $\{\frac{x}{x}$ એ 12 થી નાનો યુગ્મ પૂર્ણાંક છે$\}$ (e) $\{\frac{x}{x}$ એ 'mathematics' નો મૂળાક્ષર છે$\}$

2. નીચે દર્શાવેલા ગણોને ગુણધર્મની રીતે લખો.

   (a) {3, 6, 9, 12, 15} (b) {1, 8, 27, 64, 125} (c) {5, 6, 7, 8, 9, 10}

   (d) {1, 4, 9, 16, 25} (e) {25, 16, 9, 4, 1}

3. નીચેના પરિણામો દર્શાવતી વેન આકૃતિ દોરો.

   (a) $A \cap B = B \cap A$ (b) $A \cup B = B \cup A$

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. આપેલ $\mathbf{P(x) = 5x^3 - 4x^2 + 3x - 7}$ માટે P(1), P(-2) અને P(-3) શોધો.
2. શેષ પ્રમેય પરથી અવયવ પાડો. $\boldsymbol{x^3 + 2x^2 - x - 2}$
3. એક યાંત્રિક હોડીની ઝડપ સ્થિર પાણીમાં 25 કિમી/કલાક છે. હોડી નદીના પ્રવાહની દિશામાં 60 કિમી જઈ તેટલું જ અંતર નદીના પ્રવાહની સામેની દિશામાં કાપી તે જ સ્થળે 5 કલાકમાં પાછી આવે છે. નદીના પ્રવાહની ઝડપ શોધો.

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. કાટકોણ $\Delta$ PQR માં $\angle$P કાટકોણ છે અને $\overline{\mathbf{PM}}$ કર્ણ પરનો વેધ છે. જો PQ=8, PR=6 તો PM શોધો.
2. કિંમત શોધો. $\frac{\tan 60^\circ}{\sin^2 45^\circ} - \frac{\tan 45^\circ}{\cos^2 60^\circ}$
3. એક શંકુની પાયાની ત્રિજ્યા 15 સે.મી. છે, ઊંચાઈ 36 સે.મી. છે તો તેની વક્રસપાટીનું ક્ષેત્રફળ, કુલ સપાટીનું ક્ષેત્રફળ તથા ઘનફળ શોધો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. (06)**

1. કિંમત શોધો : $\mathbf{\sin(90^\circ + \theta)}$
2. ટાવરના પાયાથી 24 મીટર દુર આવેલા સ્થળથી ટાવરની ટોચનો ઉત્સેધકોણ 30° માલુમ પડ્યો તો ટાવરની ઊંચાઈ શોધો.

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. એક વિક્રેતાએ 60 પેનો વેચી તેમાંથી કેટલીક પેનો રૂ. 35 ના ભાવથી અને બાકીની રૂ. 30ના ભાવથી વેચી રૂ. 35ના ભાવથી વેચેલી પેનોની કુલ વેચાણ કિંમત રૂ. 30ના ભાવથી વેચેલી પેનોની કુલ વેચાણ કિંમત કરતા રૂ. 675 જેટલી વધુ છે તો વિક્રેતાએ દરેક દરથી કેટલી પેનો વેચી હશે ?
2. એક મંદિરના તળિયેથી ટાવરની ટોચના ઉત્સેધકોણનું માપ 60 મળે છે જયારે ટાવરના તળિયેથી મંદિરની ટોચના ઉત્સેધકોણનું માપ 30 માલુમ પડે છે. જો મંદિરની ઊંચાઈ 50 મીટર હોય તો ટાવરની ઊંચાઈ શોધો.
3. એક ઘડિયાળનો મિનિટ કાંટો 10 સેમી લાંબો છે તો 10 થી 10:35ના સમયગાળા દરમિયાન મિનિટ કાંટાએ બનાવેલ આકારનું ક્ષેત્રફળ શોધો.

**(બ) નીચેની ખાલીજગ્યા પૂરો. (06)**

1. એક ગણ બીજા ગણ સાથે એક-એક સંગતતા ધરાવતો હોય, તો બંને ગણ ____________ ગણ કહેવાય છે.
2. પ્રાકૃતિક સંખ્યાઓના ગણને __________ વડે દર્શાવવામાં આવે છે.
3. બિંદુ (-3, -4) એ __________ ચરણમાં આવેલું બિંદુ છે.
4. 45 માપવાળા ખૂણાના કોટિકોણનું માપ ___________ છે.
5. $\boldsymbol{-6x^4y^5}$ નો ઘાત ___________ છે.
6. અલગોરીધમને ચિત્રાત્મક રીતે દર્શાવતી પ્રક્રિયાને __________ કહે છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

| | | |
|---|---|---|
| અભ્યાસક્રમ | : **Sp. B.Ed.** | નોંધણી નંબર :____________ |
| પાઠ્યક્રમ | : **SECM-06** | |
| વિષય | : સમાજવિદ્યાનું શિક્ષણકાર્ય | |
| તારીખ | : **29/12/2017** | |
| સમય | : **03.00 to 06.00** | કુલ ગુણ : **80** |

---

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલ બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)**

1. સમાજવિદ્યાની વ્યાખ્યા આપી કાર્યક્ષેત્ર, ધ્યેયો અને હેતુઓ સમજાવી સમાજવિદ્યા અને સામાજિક વિજ્ઞાન વચ્ચેનો તફાવત સમજાવો.
2. રાષ્ટ્રીય એકતાની વ્યાખ્યા આપી રાષ્ટ્રીય એકતા અને ભાવાત્મક એકતામાં સમાજવિદ્યાની ભૂમિકા સ્પષ્ટ કરો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 300 શબ્દોમાં જવાબ આપો. (10)**

1. અધ્યાપનની વ્યાખ્યા આપી અધ્યાપનના ચલો સમજાવો.
2. શૈક્ષણિક સાધનોનો અર્થ આપી સમાજવિદ્યાના શિક્ષણમાં તેનું મહત્વ સમજાવો.
3. મૂલ્યાંકનની વ્યાખ્યા આપી માપન અને મૂલ્યાંકનનો તફાવત સમજાવો.

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલા બે પ્રશ્નોના પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)**

1. ઇતિહાસની પરિભાષા, પ્રકૃતિ અને વિસ્તારનો ખ્યાલ આપી ઇતિહાસની પદ્ધતિ, વિશેષતા અને ગતિશીલતા સમજાવો.
2. સિંધુ સંસ્કૃતિના નિર્માતાનો ખ્યાલ આપી સભ્યતાના વિવિધ પાસાઓ સમજાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 300 શબ્દોમાં જવાબ આપો. (10)**

1. ભારતીય સંસ્કૃતિના મુખ્ય લક્ષણો ચર્ચો.
2. ભારતમાં આધુનિક યુગના મુખ્ય લક્ષણો ચર્ચો.
3. પારસી અને શીખ સમુદાયમાં થયેલ ધર્મ સુધારનાં આંદોલનોની ચર્ચા કરો.

**પ્રશ્ન-3 (અ) નીચે આપેલ ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. ભૂગોળની પરિભાષા આપી ભૌગોલિક સંકલ્પનાઓનું સ્વરૂપ સમજાવો.
2. પર્યાવરણનો અર્થ સ્પષ્ટ કરી પર્યાવરણના પ્રકાર ચર્ચો.
3. ઉચ્ચ પ્રદેશની પરિભાષા આપી દ્વિપ કલ્પીયના વિશાળ ઉચ્ચ પ્રદેશની ચર્ચા કરો.

**(બ) નીચે આપેલ ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. આબોહવા તથા હવામાનની પરિભાષા સમજાવો.

2. પ્રાકૃતિક સંસાધનોનો ખ્યાલ આપો.
3. ભારતની ખનીજ સંપતિનો ખ્યાલ આપો.

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. અર્થતંત્ર અને અર્થશાસ્ત્રનો ભેદ સ્પષ્ટ કરો.
2. ભારતમાં આંતરમાળખા વિકાસનો ખ્યાલ આપો.
3. પ્રાદેશિક અસમાનતાનો ખ્યાલ આપો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. (06)**

1. ટકાવ વિકાસ એટલે શું ?
2. GDPનું અંગ્રેજી અને ગુજરાતીમાં પૂરું નામ લખો.
3. અલ્પ વિકસિત અર્થતંત્ર એટલે શું ?

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. નાગરિકશાસ્ત્રની વ્યાખ્યા આપી અર્થ સ્પષ્ટ કરો.
2. ભારતના સંવિધાનની મુખ્ય વિશેષતાઓ જણાવો.
3. પંચાયતી રાજ્યનો ખ્યાલ આપો.

**(બ) નીચે આપેલ ખાલીજગ્યા પૂરો. (06)**

1. ભારતીય સંવિધાનનું પરિરૂપ ______________ની અધ્યક્ષતામાં તૈયાર કરવામાં આવ્યું હતું.
2. મુખ્યમંત્રીની નિમણૂક _________ કરે છે.
3. સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશની નિમણુક __________ કરે છે.
4. રાજ્યપાલનો કાર્યકાળ ___________ વર્ષનો હોય છે.
5. સૌ પ્રથમ __________ રાજ્યમાં પંચાયત રાજ્યની શરૂઆત થઇ હતી.
6. સંયુક્ત રાષ્ટ્રે __________સાલમાં નિ:શસ્ત્રીકરણ આયોગની સ્થાપના કરી હતી.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

| | | |
|---|---|---|
| અભ્યાસક્રમ | : **Sp. B.Ed.** | નોંધણી નંબર :____________ |
| પાઠ્યક્રમ | : **SECP-01** | |
| વિષય | : **નવા ઉભરતા ભારતીય સમાજમાં શિક્ષણ** | |
| તારીખ | : **26/12/2017** | |
| સમય | : **11.00 to 02.00** | **કુલ ગુણ : 80** |

---

પ્રશ્ન-1 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં જવાબ લખો. (10)

1. પરિવર્તનના વાહક તરીકે પ્રવર્તમાન સમયમાં શિક્ષકે કેવી ભૂમિકા અદા કરવાની છે ?
2. રાષ્ટ્રીય શિક્ષણપંચ (1964-66) ના અહેવાલે શિક્ષણના ક્યાં પાસાઓ પર પ્રકાશ પાડ્યો ?

(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 300 શબ્દોમાં જવાબ લખો. (10)

1. તત્વજ્ઞાનની કેળવણી ઉપરની અસરો આલેખો.
2. અધ્યયનને જીવન જીવવાની કળા અને વિજ્ઞાન તરીકે મૂલવો.
3. પર્યાવરણ શિક્ષણની જરૂરિયાત વર્ણવો.

પ્રશ્ન-2 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો આશરે 500 શબ્દોમાં જવાબ લખો. (10)

1. આધુનિકીકરણની પ્રક્રિયાના પરિબળો વિશે વિસ્તૃત છણાવટ કરો.
2. ભારતીય વારસા અંગેની ભ્રામક માહિતીઓ વર્ણવો.

(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 300 શબ્દોમાં જવાબ લખો. (10)

1. 'યોગ કાર્યનું કૌશલ્ય છે.' – વિધાન સમજાવો.
2. ભારતીય સમાજના જીવનધ્યેયો અને આકાંક્ષાઓ આલેખો.
3. આપણે ભાવિ ભારતીય સમાજની રચના કઈ રીતે કરવી જોઈએ ?

પ્રશ્ન-3 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 300 શબ્દોમાં જવાબ આપો. (10)

1. બિન-ઔપચારિક શૈક્ષણિક પદ્ધતિની સંકલ્પના આપી તેના ગુણધર્મો વિશે લખો.
2. ઘર બાળકની પ્રથમ શાળા તરીકે તેના કાર્યો વર્ણવો.
3. DIET વિશે નોંધ તૈયાર કરો.

(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 150 શબ્દોમાં જવાબ લખો. (06)

1. મૂલ્ય શિક્ષણનો અર્થ જણાવી તેના અભ્યાસક્રમ અને શિક્ષકની ભૂમિકા ચર્ચો.
2. NIEPA ના ઉદ્દેશો અને કાર્યો જણાવો.
3. શિક્ષણમાં UNICEF ના વ્યૂહો વર્ણવો.

પ્રશ્ન-4 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 150 શબ્દોમાં જવાબ લખો. (06)

1. વૈશ્વિક પ્રવાહો અને વિકાસ પર તેમની કોઈ બે અસરો વિગતે વર્ણવો.
2. 'ભારતનું ટેકનોલોજી વિઝન' વિષય ચર્ચો.
3. UNESCO ના TVE કાર્યક્રમ વિશે માહિતી આપો.

(બ) નીચે આપેલા પ્રશ્નોનો એક વાક્યમાં જવાબ લખો. (06)

1. ગાંધીજીના સ્વપ્નના ભારતને કઈ સંકલ્પનાના આધારે પરિપૂર્ણ કરી શકાય છે ?
2. મૂલ્યાંકનના જરૂરી ત્રણ ઘટકો નોંધો.
3. મુસ્લિમ શિક્ષણના મહત્વના લક્ષણોના નામ આપો.

પ્રશ્ન-5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો આશરે 150 શબ્દોમાં જવાબ લખો. (06)

1. નવી સદીના પ્રથમ બે દાયકાઓમાં ભારતના ટકાઉ વિકાસ માટે કઈ અગ્રતાઓની જરૂર છે ?
2. CABE (Central Advisory Board of Education) નું સંસ્થાકીય માળખું જણાવો.
3. વિવિધ સામાજિક પ્રણાલિઓ જે સામાજિક સ્તરીકરણનું લક્ષણ છે તેનું વર્ણન કરો.

(બ) નીચે આપેલા વિધાનો ખરાં (√) છે કે ખોટાં (×) તે જણાવો. (06)

1. મૂલ્યાંકન માપદંડનો ઉપયોગ સ્વમૂલ્યાંકન માટે થઇ શકે છે.
2. 21 મી સદીનું ભારતીય વિઝન વર્ષ-2021 સુધી ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય રાખે છે.
3. NCERT નું વડું મથક ભોપાલ ખાતે આવેલું છે.
4. વ્યુત્પત્તિશાસ્ત્ર અનુસાર શિક્ષણ શબ્દ અંગ્રેજી શબ્દ 'educare' અથવા 'educere' માંથી ઉદ્દભવ્યો હોય એમ માનવામાં આવે છે.
5. લોકોનો એવો સમૂહ કે તેમની પરસ્પરની જરૂરિયાતોના સંતોષ માટે સાથે રહેતો હોય તેને સમાજ કહેવાય.
6. ગાંધીજીનું કેળવણીમાં પ્રદાન ' નઈ તાલીમ' કે ' પાયાની કેળવણી' તરીકે જાણીતું છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

**અભ્યાસક્રમ : Sp. B.Ed.** નોંધણી નંબર :_____________

**પાઠ્યક્રમ : SECP-03**

**વિષય : શૈક્ષણિક આયોજન અને સલાહ**

**તારીખ : 26/12/2017**

**સમય : 03.00 to 06.00** **કુલ ગુણ : 80**

---

પ્રશ્ન-1 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)

1. ભારતીય બંધારણમાં શિક્ષણ સંબંધી જોગવાઈઓ જણાવો.
2. ક્રમમાપદંડની સંકલ્પના સ્પષ્ટ કરી તેના પ્રકારોની સોદાહરણ ચર્ચા કરો.

(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)

1. શિક્ષણમાં NCERT ની ભૂમિકા જણાવો.
2. અભ્યાસક્રમ મૂલ્યાંકનના સ્રોતોની માહિતી આપો.
3. ગ્રેડિંગ પ્રણાલીની સંકલ્પના સોદાહરણ સ્પષ્ટ કરો.

પ્રશ્ન-2 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)

1. અભ્યાસક્રમના અર્થ, વ્યાખ્યા અને જરૂરિયાતની વિસ્તૃત ચર્ચા કરો.
2. સિદ્ધિ કસોટી અને પ્રમાણિત કસોટી વચ્ચેનો તફાવત સમજાવો.

(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)

1. રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986) ની મુખ્ય ભલામણો જણાવો.
2. શૈક્ષણિક આયોજનના લક્ષણો જણાવો.
3. કઠિનતામૂલ્ય અને ભેદપરખમૂલ્યની સંકલ્પના સમજાવો.

પ્રશ્ન-3 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)

1. શૈક્ષણિક યોજનાના અભિગમોના નામ જણાવી કોઈપણ બે અભિગમની ચર્ચા કરો.
2. અભ્યાસક્રમ વિકાસના અભિગમો જણાવો.
3. અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં મૂલ્યાંકનનું સ્થાન સમજાવો.

(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)

1. વિશ્વસનીયતા એટલે શું ?
2. અભ્યાસક્રમના આધારોની ટૂંકમાં માહિતી આપો.
3. માધ્યમિક શિક્ષણપંચે (1952-53) દર્શાવેલ શિક્ષણની ખામીઓ.

પ્રશ્ન-4 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)

1. પુનર્વસનના ક્ષેત્રે RCI ની ભૂમિકા
2. NIEPA નો પરિચય આપો.
3. ઓળખયાદીની સંકલ્પના

(બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. (06)

1. વિશિષ્ટ બાળકો માટે રચાયેલ બે કસોટીઓના નામ જણાવો.
2. જોડકા-જોડો કસોટી પ્રકારનું એક ઉદાહરણ આપો.
3. મોડયુલર અભ્યાસક્રમનો અર્થ જણાવો.

પ્રશ્ન-5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)

1. NCTE ના કોઇપણ છ કાર્યો જણાવો.
2. અભ્યાસક્રમના કોઈ પણ બે પ્રકારની ટૂંકમાં માહિતી આપો.
3. મુકત અધ્યયન સામગ્રીના છ લક્ષણો જણાવો.

(બ) નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો. . (06)

1. વલણના માપન સાથે લિકર્ટનું નામ સંકળાયેલ છે.
2. પ્રશ્નાવલી સ્વનિવેદન પ્રવિધિ નથી.
3. વિશ્વવિદ્યાલય શિક્ષણપંચના અધ્યક્ષ ડૉ. ડી.એસ.કોઠારી હતા.
4. આઠમી પંચવર્ષીય યોજનામાં મુકતવિશ્વવિદ્યાલયની સ્થાપનાની ભલામણ છે.
5. CIPP પ્રતિમાન હિલ્ડા ટાબાએ રજૂ કર્યું હતું.
6. NRT અને CRT મૂલ્યાંકન સાથે સંકળાયેલ શબ્દો છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

**અભ્યાસક્રમ : Sp. B.Ed./ PGPD** **નોંધણી નંબર :____________**

**પાઠ્યક્રમ : SESV-01**

**વિષય : દ્રષ્ટિક્ષતિ પામેલા બાળકોના શિક્ષણનો પરિચય**

**તારીખ : 29/12/2017**

**સમય : 11.00 to 02.00** **કુલ ગુણ : 80**

---

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)**

1. આંતરરાષ્ટ્રીય સ્તરે અને ભારતમાં દ્રષ્ટિક્ષતિ પામેલા બાળકોના શિક્ષણના પરિપ્રેક્ષ્યને વિસ્તારપૂર્વક જણાવો.
2. હસ્તક્ષેપ (વહેબાની દરમ્યાનગીરી)ને વ્યાખ્યાયિત કરી દ્રષ્ટિક્ષતિ વ્યક્તિત્વ વિકાસ પરની અસર વર્ણવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. દ્રષ્ટિક્ષતિ પામેલા બાળકોના માતાપિતા તથા સમવયસ્ક જૂથના મનોવલણ વિષે લખો.
2. દ્રષ્ટિહીન બાળકોનો સંકલ્પના વિકાસ કેવીરીતે કરશો સમજાવો.
3. અલ્પદ્રષ્ટિ અને અંશતઃ દ્રષ્ટિની વ્યાખ્યા આપી દ્રષ્ટિ કેવીરીતે વિકસે છે તે વિસ્તારથી સમજાવો.

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)**

1. વધારાની વિકલાંગતા સાથેના દ્રષ્ટિક્ષતિ પામેલા બાળકોના સામાન્ય વર્તન અને તેમની શીખવાની તરહોનું વર્ણન કરો.
2. અલ્પદ્રષ્ટિ બાળકની દ્રષ્ટિય કાર્યક્ષમતા સુધારવા ઘટના પ્રસંગોની યાદી બનાવી સમજાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. અલ્પદ્રષ્ટિ બાળક માટેના સહાયક સાધનોની યાદી બનાવી તેના ઉપયોગ વિશે લખો.
2. ક્ષતિ, વિકલાંગતા અને મુશ્કેલીવશ અસમર્થતાને સમજાવો.
3. દ્રષ્ટિક્ષતિ પામેલા લોકોને શીખવવા માટેની વિવિધ વ્યુહરચનાઓ જણાવો.

**પ્રશ્ન-3 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. ભારતીય પુનર્વસન પરિષદ (R.C.I.) ધારા વિષે લખો.
2. શ્રવણક્ષતિ સાથેના અલ્પદ્રષ્ટિ બાળકની શૈક્ષણિક અસરો જણાવો.
3. વધારાની વિકલાંગતા સાથેના બાળકની નિશ્ચિત ઓળખ કરવાના અભિગમો લખો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. દ્રષ્ટિની સક્ષમતા એટલે શું ? સમજાવો.
2. વિકલાંગતાના નિવારણ કરવા માટે એક શિક્ષક તરીકે તમારી ભૂમિકા લખો.
3. કોઇપણ ત્રણ આંખના રોગ વિશે લખો.

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. 1995ના ધારામાં કેટલી વિકલાંગતાઓનો સમાવેશ થાય છે ?
2. આંખ અને હાથના દ્રષ્ટિ સંકલન અલ્પદ્રષ્ટિ બાળકને શીખવવા માટેના બે ઉદાહરણો આપો.
3. વહેલાસરની દરમ્યાનગીરી(હસ્તક્ષેપ)નું મહત્વ લખો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. (06)**

1. દ્રષ્ટિનું ક્ષેત્ર એટલે શું ?
2. અનિયમિત દ્રષ્ટિ (એસ્ટિગ્મેટિઝમ) એટલે શું ?
3. બધિર-અંધ બાળકો કોને કહેવાય ?

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. દ્રષ્ટિથી વિકલાંગ બાળકોની જાત-અનુભવને લગતી વંચિતતા વિશે લખો.
2. વિશિષ્ટ શિક્ષક તરીકે બાળકના (દ્રષ્ટિહીન) મનોવલણમાં સુધારા કેવી રીતે કરશો ?
3. મંદબુદ્ધિ સાથેના અલ્પદ્રષ્ટિ બાળકોની સમસ્યાઓ જણાવો.

**(બ) નીચે આપેલી ખાલીજગ્યાના જવાબ આપો. (06)**

1. REPTનું પૂરું નામ ____________ છે.
2. દ્રગકાચની અપારદર્શકતા એટલે ____________ કહેવાય.
3. અલ્પદ્રષ્ટિ બાળકોને વાંચન માટે ____________ સામગ્રીની જરૂર પડે છે.
4. પિઆજેનો સિદ્ધાંત ____________ અને ____________ વચ્ચેની આંતરક્રિયાઓ ઉપર કેન્દ્રિત છે.
5. R.C.I નું પૂરું નામ ____________ છે.
6. વિકલાંગ વ્યક્તિઓના ધારા 1995માં કુલ ____________ પ્રકારની વિક્લાન્ગ્તાની વ્યાખ્યા કરવામાં આવી છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

અભ્યાસક્રમ : **Sp. B.Ed./ PGPD** **નોંધણી નંબર :____________**

પાઠ્યક્રમ : **SESV-02**

વિષય : **દ્રષ્ટિક્ષતિ વિશે શૈક્ષણિક પરિપ્રેક્ષ્ય**

તારીખ : **27/12/2017**

સમય : **03.00 to 06.00** કુલ ગુણ : **80**

---

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)**

1. દ્રષ્ટિક્ષતિ પામેલા બાળકોનો ઐતિહાસિક વિકાસ ભારતમાં શી રીતે થયો તે સવિસ્તાર વર્ણવો.
2. માનવ આંખની આકૃતિ દોરી અને આંખના વિવિધ ભાગોની વિસ્તૃત ચર્ચા કરો.
3. દ્રષ્ટિ ની ખામીવાળા બાળકોનું વૈદકિય મૂલ્યાંકન કઈ રીતે કરશો? તે વિગતે સમજાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. રિફ્રેક્ટીવ એરર્સએટલે શું (વક્રીભવનની ક્ષતિ)? માયોપિયા, હાઈપરમેટ્રોપિયા, પ્રેસબાયોપિયાને સવિસ્તાર સમજાવો.
2. અભ્યાસક્રમની સંકલ્પના સ્પષ્ટ કરો. દ્રષ્ટિની ખામીવાળા બાળકો માટે અભ્યાસક્રમ અનુકૂલન (Adaptation)ની આવશ્યકતા પ્રત્યક્ષ અને પરોક્ષ સેવાઓની ચર્ચા કરો.

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નોનાં જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)**

1. ભારતમાં પ્રચલિત આંખના સામાન્ય રોગો નાં લક્ષણો, કારણો અને સારવાર ને સવિસ્તૃત સમજાવો.
2. સમાવર્તી શિક્ષણ એટલે શું? ભારતમાં સમાવેશનની જરૂરિયાત શા માટે છે? તે સવિસ્તૃત જણાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. વહેલાસરની ઓળખ અને મહત્વ ને સ્પષ્ટ કરી દ્રષ્ટિની કામગીરીનાં પ્રમાણને માપવા વપરાતા સામાન્ય કસોટીઓની ચર્ચા કરો.
2. સંકલિત શિક્ષણ એટલે શું? સંકલિત શિક્ષણનાં ધ્યેયો અને હેતુઓ જણાવી, રીસોર્સ મોડેલ, સંયુક્ત પ્લાન અને કો.ઓપરેટીવ પ્લાન વિશે વિગતે ચર્ચા કરો-
3. દ્રષ્ટિની ખામી ધરાવતાં બાળકોને સમાજમાં રહેવા માટે નબળા પાડનાર તત્વો સામે તેનાં હક્કો અને આવશ્યક જરૂરિયાત માટેનાં કૌશલ્યોની ચર્ચા કરો.

**પ્રશ્ન-3 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. સર્જનાત્મક કલા એટલે શું? દ્રષ્ટિહીન બાળકો માટે અનુકુળ વિવિધ સર્જનાત્મક કલા પ્રવૃત્તિઓ સમજાવો.
2. પ્લસ અભ્યાસક્રમની સંકલ્પના સ્પષ્ટ કરો. પ્લસ અભ્યાસક્રમની આવશ્યકતા અને મહત્વને સમજાવી તેનાં અંગભૂત ભાગોની ચર્ચા કરો.
3. ઈન્ટીગ્રેટેડ એજ્યુકેશન પ્રોગ્રામમાં નિયમિત શિક્ષક અને રિસોર્સ શિક્ષકની કામગીરી નું મહત્વ સમજાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો.** **(06)**

1. ઇન્ક્લુઝીવ(Inclusive) અને ઈન્ટીગ્રેશન(Integration) બંને એકબીજાથી ભિન્ન (અલગ) છે? સમજાવો.
2. સાધન સામગ્રી ની પસંદગીમાં યોગ્ય ટેકનોલોજી નાં ઉપયોગનાં મહત્વનાં માપદંડ ક્યાં છે? જણાવો.
3. વહેલાસરની ઓળખ અને ઉપચારનું મહત્વ સમજાવો.

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આશરે 150 શબ્દોમાં આપો.** **(06)**

1. દ્રષ્ટિની ખામીવાળા બાળકો માટે શારિરીક શિક્ષણની આવશ્યકતા.
2. મોબિલિટી અંતર્ગત ચાલવાની પ્રક્રિયા માટેનાં આધુનિક સાધનો જણાવો.
3. દ્રષ્ટિની મંદતાવાળા બાળકોને ગણિત શીખવવા ક્યા ક્યા-સાધનોનો ઉપયોગ કરશો? જણાવો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **(06)**

1. ફ્યુઝન એટલે શું?
2. દ્રષ્ટિની ખામી વાળા બાળકોની શિક્ષણ પધ્ધતિનાં સિધ્ધાંતો કેટલા છે? તેની ટૂંકમાં માહિતી આપો.
3. પ્રત્યક્ષ સેવા એટલે શું?

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો.** **(06)**

1. દ્રષ્ટિ મંદતાવાળા બાળકોના વાંચન-લેખન માટેના આધુનિક સાધનોની ટૂંકમાં માહિતી આપો.
2. WHO મુજબ લો-વિઝનની વ્યાખ્યા આપી. અપૂરતા પોષણને કારણે ઉદ્દભવતી આંખની ખામીનાં કારણો જણાવો.
3. ઈન્ક્લુઝીવ(Inclusive) શિક્ષણમાં આર.સી.આઈ. (RCI)ની શું ભૂમિકા છે ?

**(બ) નીચે આપેલી ખાલીજગ્યાના જવાબ આપો.** **(06)**

1. ગ્લુકોમા એટલે (ઝામર)_______________ માં ભારે દબાણ થાય છે.
2. _________ સામાન્ય રીતે રંગ-અંધાપાનું એસેસમેન્ટ કરવા વપરાય છે.
3. NHFDC નું પુરૂ નામ જણાવો.
4. લો-વિઝાનવાળી વ્યક્તિઓને વાંચન માટે __________ સાધન મોટું એનલાર્જમેન્ટ આપે છે.
5. NCTE, RPWD Act. પૂરું નામ લખો.
6. આંસુ _________________ માંથી ઉત્પન્ન થાય છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ડિસેમ્બર-2017

**અભ્યાસક્રમ : Sp. B.Ed./ PGPD** **નોંધણી નંબર :____________**

**પાઠ્યક્રમ : SESV-03**

**વિષય : પાઠ્યસૂચનાઓ આપવાની પદ્ધતિઓ**

**તારીખ : 28/12/2017**

**સમય : 03 : 00 to 06 : 00** **કુલ ગુણ : 80**

---

**પ્રશ્ન - 1 (અ) નીચે આપેલા બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (10)**

1. દ્રષ્ટિક્ષતિ પામેલ બાળકોને શીખવવામાં પાઠસૂચનાઓલક્ષી સામગ્રીઓ અને પદ્ધતિઓ તેમજ વિશેષ ઉપકરણો અને સાધનોનો ઉપયોગ લખો.
2. દ્રષ્ટિહીનતાની આત્મલક્ષી અસરો જણાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. ભાષાવિકાસ માટે પૂર્વ - જરૂરિયાતની કુશળતાઓ ચર્ચો.
2. શિક્ષણની વ્યૂહરચનાનાં વિવિધ તબક્કાઓ જણાવો.
3. દ્રષ્ટિ મંદતાવાળા બાળકો માટે ઉપયોગી નકશાનાં પ્રકાર જણાવો.

**પ્રશ્ન - 2 (અ) નીચે આપેલ બે પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આશરે 500 શબ્દોમાં આપો (10)**

1. દ્રષ્ટિની મંદતાવાળા બાળકોના મૂલ્યાંકનની પદ્ધતિઓ ચર્ચા કરો.
2. દ્રષ્ટિની મંદતાવાળા બાળકોનાં શિક્ષણ માટે પ્લે - વે પદ્ધતિ જણાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો. (10)**

1. બ્રેઈલ વાંચન શીખવવાની પદ્ધતિઓ સમજાવો.
2. ભારત માટે બ્રેઈલ ગણિતની સંકેત સંજ્ઞાઓની વિસ્તૃત સમજ આપો.
3. વિજ્ઞાન શિક્ષણના ધ્યેયો વર્ણવો અને શીખવા માટેની જુદી જુદી પધ્ધતિઓ વર્ણવો.

**પ્રશ્ન - 3 (અ) નીચે આપેલ ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનો જવાબ આશરે 300 શબ્દોમાં આપો (10)**

1. જ્ઞાનતંત્રીય વિકાસ એટલે શું ? તેના લક્ષણો જણાવો.
2. દ્રષ્ટિવિહીનતાની વસ્તુલક્ષી અસરો જણાવો.
3. દ્રષ્ટિક્ષતિ પામેલાં બાળકમાં જ્ઞાનતંત્રીય વિકાસને પ્રોત્સાહન આપવાની વ્યૂહરચનાઓ જણાવો.

**(બ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. દ્રષ્ટિક્ષતિ બાળકોમાં સંવેદનતંત્રીય હલનચલન પ્રેરક તબક્કો જણાવો.
2. ગણિતમાં ઉપયોગી સાધનોની યાદી બનાવો અને કોઈપણ બે ઉપકરણો સમજાવો.

3. દ્રષ્ટિ મંદતાવાળા બાળકોને અનુભવવી પડતી, નકશા વાંચનની મુશ્કેલીઓ જણાવો.

**પ્રશ્ન - 4 (અ) નીચે આપેલ ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો (06)**

1. બ્રેઈલ શીખવા ઉપર હાનિકારક અસર પાડતાં પરિબળો વર્ણવો.
2. ભારતીય બ્રેઈલનો વિકાસ જણાવો.
3. વિજ્ઞાન અને સમાજશાસ્ત્રમાં મૂલ્યાંકનની આવશ્યકયાઓ જણાવો.

**(બ) નીચે આપેલ પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. (06)**

1. મૂલ્યાંકનનો હેતુઓ જણાવો.
2. અધ્યાપન પધ્ધતિનું મહત્વ જણાવો.
3. ટેઈલર ફ્રેમની મર્યાદા જણાવો.

**પ્રશ્ન - 5 (અ) નીચે આપેલા ત્રણ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોનો જવાબ આશરે 150 શબ્દોમાં આપો. (06)**

1. દ્રષ્ટિ મંદતાવાળા બાળકો માટે સ્પર્શીય નકશા તૈયાર કઈ રીતે કરશો.
2. દ્રષ્ટિ મંદતાવાળા બાળકોના ઉપયોગમાં આવતી લાકડીની તકનિકો કઈ કઈ છે. વિગતે સમજાવો
3. આકલન અને હલનચલનની વિવિધ રીતો અને ઉપયોગમાં આવતા સાધનોની ચર્ચા કરો.

**(બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. (બધાજ પ્રશ્નો કરજિયાત છે) (06)**

1. બ્રેઈલની શોધ ____ એ કરી હતી
2. બ્રેઈલ લેખનના સાધનો ____ છે
3. ટોપોગ્રાફિકલ નકશા _____ ની નીચે આવે છે.
4. શિક્ષણનું મનોવિજ્ઞાબિકીકરણનો સિદ્ધાંત _____ ની પાછળ રહેલો છે.
5. દ્રષ્ટિની મંદતાવાળા બાળકો _____ થી જ શીખવવું જોઈએ.

--------------